# જનાબ ઈસપ બાપુ ડેલાવાલા

□ ‘મહેક’ ટંકારવી

મરહુમ જનાબ ઈસપ બાપુ ડેલાવાલાને યાદ કરું છું ત્યારે મારી આંખો સામે એક નવાબી મિજાજ અને ઠાઠમાઠના માણસની પ્રભાવશાળી છબી ખડી થાય છે. કદાચ એમને અને ટંકારીઆ હાઇ સ્કૂલમાં એમની હાજરીમાં વીતાવેલા સમયને યાદ કરીને જ મેં નીચેના શેર લખ્યા હોય એવું મને આજે લાગે છે:

*તે ઠાઠમાઠ, તે મસ્તી, દમામ શોધું છું*
*તે ડાયરો, તે ડહેલો, તે ગામ શોધું છું*

*અજબનો કેફ, ગજબની હતી એ મેહફિલો*
*ભલે હો ખાલી, હું દરબારી જામ શોધું છું*

મરહુમ ઈસપ બાપુ ડેલાવાલાએ ટંકારીઆ હાઇસ્કૂલની સ્થાપના પછી ઘણાં વર્ષો સુધી સ્કૂલના ચૅરમેન તરીકેની સેવાઓ બજાવી હતી. સ્કૂલની શરૂઆતના એ દિવસો હતા. મારા જેવા કેટલાય વિદ્યાર્થીઓને તેઓ માનની નજરે જોતા, પ્રેમથી બોલાવતા અને ઘણીવાર પાસે બેસાડી સ્કૂલ વિષે અને શિક્ષકો બરાબર ભણાવે છે કે નહીં તેના વિષે પૂછતા. પોતે ઝાઝુ ભણેલા નહીં પણ સારી સૂઝબૂઝ ધરાવતા અને પોતાની શાળાના વિદ્યાર્થીઓ સારું ભણે અને આગળ વધી સ્કૂલનું અને ગામનું નામ રોશન કરે એની ખાસ ફિકર રાખતા. કોઇ વિદ્યાર્થી ગેરહાજર રહેતો જણાય તો તેના વાલીને પૂછપરછ કરી તપાસ કરતા. પોતે વાલી જેટલી  ફિકર રાખતા. અમને બરાબર ધ્યાન દઈને ભણવાનું વારંવાર કહેતા અને સ્કૂલમાં કશાની જરૂર હોય તો તે જણાવવાનું પણ કહેતા. શિક્ષકોને પણ એટલું જ માન આપતા અને ઘર જેવા સંબંધો રાખતા. સ્કૂલમાં શિક્ષકો લેવાના હોય તો ગામના ગ્રેજ્યુએટોને પ્રથમ પસંદગી આપતા. એમના સમયમાં ગામના ઘણાં બધા ગ્રેજ્યુએટ યુવાનો શિક્ષક તરીકેની સેવા બજાવતા હતા.

અમને બેચાર વિદ્યાર્થીઓને તો એ પોતાના દીકરાઓની જેમ રાખતા. ઊનાળાની રજાઓમાં બપોરે એમના બંગલે બેઠક જામતી. ઓફિસને લગતું કંઇ કામ ચાલતું હોય, શાળાના સેક્રેટરી મરહુમ જનાબ ઇસાભાઇ ડેલાવાલા, ઓફિસ કલાર્ક, પટાવાળો અને એક બે ઉત્સાહી શિક્ષકો પણ હાજર હોય. શાઈરે મશરિક ડૉ અલ્લામા ઇકબાલની માફક કબાબ ખાવાના ખાસ શોખીન હતા. રમુજમાં ઘણીવાર ‘ગોશ્ત સિવાયનું બધું ઘાસ’ એમ કહેતા. દરરોજ બપોરે ચા સાથે ટંકારીઆના બજારની મશ્હૂર કબાબ મંગાવતા. પોતે ખાતા અને અમને પણ વહાલપૂર્વક ખવડાવતા. આજે જેટલો કબાબોનો સ્વાદ હજી યાદ છે એટલો જ એમનો નિખાલસ પ્રેમ અને એમનું પિતાતુલ્ય વહાલ પણ બરાબર યાદ છે.

અભ્યાસક્રમ સિવાયની રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમો જેવી બીજી પ્રવૃત્તિઓને પણ ખૂબ ઉત્તેજન આપતા.એમના સમયમાં વિદ્યાર્થીઓની ક્રિકેટ ટીમ શરૂ થયેલી, દર વર્ષે યાદ રહી જાય તેવાં સુંદર સ્નેહ સંમેલનો યોજાતાં, ડ્રામા ભજવાતા. વિદ્યાર્થીઓ માટે સૌ પ્રથમવાર સ્કૂલ યૂનિફોર્મ પણ એમના સમયમાં જ દાખલ કરવામાં આવ્યો હતો.

હાઈસ્કૂલનું નવું મકાન તૈયાર થયા પછી છેવટે જ્યારે એ નવા મકાનમાં શાળાને ટ્રાન્સફર કરવાનો સમય આવ્યો ત્યારે વર્ષો સુધી ચૅરમેન તરીકેની સુંદર સેવા બજાવી, આશરે નેવુ હજાર રૂપિયાના બેલેન્સ સાથે એમણે માનભર નિવૃત્તિ સ્વીકારી સ્કૂલનો કબજો નવા વહીવટદારોને સોંપ્યો હતો. જેમના હૈયે સ્કૂલની અને ગામની ભારોભાર લાગણી હતી તેવા પ્રથમ મશાલચી જેવા આ માનવંત વડીલોએ ગામમાં શિક્ષણની જ્યોત જલાવી શિક્ષણક્ષેત્રે ટંકારીઆનું નામ દેશપરદેશમાં રોશન કર્યું છે. અલ્લાહ પાક મરહુમની એ ખિદમતોને કબૂલ ફરમાવી તેનો બેહતરીન બદલો આપે.

*અબ જિસકે જી મેં આએ વોહી પાએ રોશની*
*હમને દિયા જલાકે સરે રાહ રખ દિયા*